ક્રમાંક -અનદ-૧/ફાજલ /માધ્ય/૨૦૧૩/
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧. ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર, તા.૩૦/૭/૨૦૧૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય :- ધોરણ-૮ અપર પ્રાથમિકમાં જવાના કારણે ફાજલ થતાં બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના ફાજલ શિક્ષકોને સમાવવા બાબત.

સંદર્ભ :- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ, તા.૮/૭/૨૦૧૩

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, રાજયની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાંથી ધોરણ-૮ અપર પ્રાથમિકમાં લઇ જવાના કારણે ફાજલ થતાં શિક્ષકોને સમાવવા અંગે શિક્ષણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૧૦ તથા વખતો વખતના ઠરાવની જોગવાઇઓ અન્વયે કાર્યવાહી કરવા જણાવવામા આવેલ છે.

શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત ઠરાવની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપવામા આવે છે

શિક્ષણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૧૦, તા.૨૫/૨/૨૦૧૧, તા.૪/૫/૨૦૧૨, તા.૩૦/૫/૨૦૧૨ તથા તા.૧૪/૦૮/૨૦૧૨ મુજબના ઠરાવની સૂચનાઓ મુજબ જિલ્લામાં અનુદાનિત શાળામાં ખાલી જગ્યાઓમા ઉપર્યુકત ઠરાવની જોગવાઇઓ મુજબના શિક્ષકો ફાળવવાના બાકી નથી. તેની ખાત્રી કરી તે ઇમેઇલ થી કમિશનરશ્રી શાળાઓની કચેરીને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પોતાની સહીથી પ્રમાણપત્ર આપવાનું રહેશે.

સદર ઠરાવની જોગવાઇઓ અન્વયે આપના જિલ્લાના નિયંત્રણ હસ્તકની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના શારીરીક શિક્ષણ, ચિત્ર, ટર્નરફીટર, ટેકનીકલ વિષયવાળા તથા અન્ય લાયકાતવાળા સમાવવાના બાકી ફાજલ શિક્ષકોને પ્રથમ વર્ગવધારા સંદર્ભે ઉપલબ્ધ શૈક્ષણિક જગ્યા ઉપર સમાવવાની કાર્યવાહી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે. ત્યાર બાદ પોતાના જિલ્લાની અનુદાનિત શાળાની વહીવટી જગ્યાએ મળતા પગાર/ મંજૂર મહેકમની ખાલી જગ્યાએ ફાળવવાના રહેશે. અને આ જગ્યાઓ પણ ઉપલબ્ધ ન હોય તો શિક્ષણ વિભાગના તા. ૮/૭/૧૩ના ઠરાવ મુજબ શૈક્ષણિક અને ત્યારબાદ વહીવટી જગ્યાઓએ સરકારશ્રીની કચેરી કે સરકારી શાળામાં સમાવવાની કાર્યવાહી કરવી.

આ તમામ જગ્યાઓ ઉપર ફાજલ શિક્ષકોને સમાવીને બાકી રહેતા શિક્ષકોની યાદી અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

માનનીય આયુકતશ્રીના આદેશથી.

(ઇ.પી. દેસાઇ)
સંયુકત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા. ગાંધીનગર.

બિડાણ :- ઉપર મુજબ.